**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૫ ટકા

# આ વર્ષે સૂંઠની ચિક્કી ઓન ડિમાન્ડ

## તલ અને શીંગમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર અને પ્રોટીન સાથે વિટામીન રહેલા છે જે શરીરની રોગપ્રતિકારક શકિત વધારવા માટે ખાસ ઉપયોગી છે



ગાંધીનગર, તા.૮

ઉત્તરાયણ નજીકના દિવસોમાં જ છે અને ઉત્તરાયણ પહેલાનો આ છેલ્લો શનિ-રવિવાર આવી રહ્યો છે ત્યારે શહેરમાં ચિક્કી અને કચરિયાની ખરીદી માટે શહેરીજનો નીકળી પડશે. આમ તો કોરોનાને કારણે સરકાર દ્વારા મુખ્ય ગાઈડલાઈન બહાર પાડવામાં આવી જ છે પરંતુ સરકારી નગરમાં ઉત્તરાયણની તૈયારી આ શનિ-રવિમાં જ થશે. સરકારી રજાનો ઉપયોગ પણ થઈ જાય અને બાળકો પણ ઉત્તરાયણ પહેલા સાંજે ધાબા પર પતંગ ચઢાવી શકે તેમ શહેરીજનોનું માનવું પણ છે.

ઉત્તરાયણમાં ખાસ શહેરની ગૃહિણીઓ ચિક્કી બનાવતી હોય છે સાથે તલના લાડુ બાળકોના ફેવરીટ હોય છે.

ઉત્તરાયણ નિમિત્તે ચીક્કી કે લાડુ ખાવાનું અલગ જ મહત્વ છે. દર વર્ષે ઠંડીની ઋતુમાં જયારે ઉત્તરાયણનો તહેવાર આવે છે ત્યારે આખો દિવસ બાળકો કે મોટાઓ ધાબા પર રહીને પતંગ ચઢાવતા હોય એ સમયે ગોળ અને તલ/શીંગના મિશ્રણથી ભરેલી ચીક્કી શરીરને ગરમાવો પ્રદાન કરે છે જેથી ઠંડી સામે રક્ષણ મેળવી શકાય છે. તલ અને શીંગમાં ભરપૂર પ્રમાણમાં ફાઈબર અને પ્રોટીન સાથે વિટામીન રહેલા છે જે શરીરની રોગપ્રતિકારક શકિત વધારવા માટે ખાસ ઉપયોગી છે. કોરોનાને કારણે આ વર્ષે ખાસ ચિક્કી વધુ પ્રમાણમાં આરોગાય છે તેમાં પણ સૂંઠની ચિક્કી આ સમયે આ વર્ષે હોટ ફેવરીટ છે.





શહેરના ચિક્કીના જાણીતા વેપારી જયંતિલાલ પટેલ સાથે આ વર્ષે ચિક્કીની ડીમાન્ડ બાબતે વાત કરતા જણાવે છે કે, કોરોનાને કારણે આ વર્ષે સૂંઠનું નવું ફેકટર ઉમેરાયું છે અને સૂંઠની ચિક્કી પણ બનાવી છે જેથી ગ્રાહકોને કોરોના સંબંધિત ચિક્કી પણ મળી રહે ઉપરાંત કચરિયામાં પણ આ વર્ષે સૂંઠ ગંઠોળાનો કોન્સેપ્ટ ઉમેરાયો છે.

શહેરમાં તલ, શીંગ અને દાળીયાની ચિક્કી સાથે આ વર્ષે સૂંઠની ચિક્કી ઉમેરાઈ છે. ઉપરાંત વાટેલી સીંગની ચિક્કી દર વર્ષની જેમ ઓન ડીમાન્ડ છે. સૂંઠ ગંઠોડાનું કચરિયું કોરોનાને કારણે વધુ વેચાઈ રહ્યું છે જેનો ભાવ ૨૨૦થી ૨૪૦ રૂપિયે કિલો છે. તલ અને રાજગરાની ચિક્કી પણ ૧૦૦ રૂપિયાની ૫૦૦ ગ્રામ વેચાઈ રહી છે. આ ઉપરાંત ૫૦૦ ગ્રામ દાળીયાની ચીકી ૮૦ રૂપિયા, કોપરાની ચીક્કી ૧૨૦ રૂપિયા, કાજુ-બદામ-મીક્ષ ડ્રાયફ્રુટ ચીક્કી ૪૦૦ રૂપિયાની ૫૦૦ ગ્રામ સાથે કાળા તલની ૧૨૦ રૂપિયાની ૫૦૦ ગ્રામ એમ વેચાઈ રહી છે. ટ્રેન્ડમાં છે તો સૂંઠ ચિક્કી ૧૨૦ રૂપિયાની ૫૦૦ ગ્રામે વેચાઈ રહી છે. આ ઉપરાંત રાજગરા અને મમરા સાથે તલના લાડુની ડિમાન્ડ વધુ છે. આજથી શનિ-રવિની બે દિવસની રજાઓમાં શહેરીજનો ખાસ ચિક્કીની ખરીદી કરશે ઉપરાંત ગૃહિણીઓ ઘરે પણ બનાવશે. જેને કારણે તલ અને ગોળનું પણ શહેરમાં વેચાણ વધશે.



# મહાપાલિકાની સેનીટેશન ટીમ દ્વારા સરિતા ઉદ્યાન વિસ્તારને સ્વચ્છ કરાયો



ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરને સ્વચ્છ સર્વેક્ષણમાં અગ્રતા ક્રમ મળે તેના માટે મહાનગર પાલિકા દ્વારા અનેકવિધ પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે. તેમાં જાન્યુઆરી મહિનાને જન જાગૃત્તિ માસ તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. શુક્રવારે મહાપાલિકાની સેનીટેશન બ્રાન્ચના અધિકારી, કર્મચારીઓની ૨૫ માણસોની ટીમ દ્વારા સરિતા ઉદ્યાન વિસ્તારમાં પ્લોગિંગ પ્રોગ્રામ અંતર્ગત સફાઈ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સફાઈ કામદારો નહીં પરંતુ શાખાના કર્મચારીઓએ જ જોડાઈને મારો કચરો - મારી જવાબદારીના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલા સુત્રને સાર્થક કરવામાં આવ્યુ હતું.

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરશ્રી પી.સી. દવેએ જણાવ્યું કે સરિતા ઉદ્યાન આસપાસના વિસ્તારમાં ફેંકવામાં આવેલો પ્લાસ્ટિક સહિતનો કચરો ઉઠાવવામાં સેનીટેશન સુપ્રિટેન્ડેન્ટ સંદિપસિંહ ગોહિલ અને તેમની શાખાના કર્મયોગીઓ જોડાયા હતાં અને તેમના દ્વારા કચરો વિણવામાં આવ્યો હતો. ટીમ દ્વારા સવારે ૩ કલાક સુધી શ્રમ યજ્ઞ ચલાવીને ૭૫ કિલોથી વધુ કચરો એકત્ર કરીને તેનો યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. કચરો વિણીને એકઠો કરવા માટે પણ કાપડની થેલીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### ઘનિષ્ઠ એક્ટિવ ટીબી કેસ ફાઈન્ડીંગ પખવાડીયા દરમિયાન

# ગાંધીનગર જિલ્લામાંથી ૧૮૬ ટીબીના દર્દીઓ મળ્યા

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં ઘનિષ્ઠ એકટીવ ટીબી કેસ ફાઈન્ડીંગના પખવાડીયાની માઈક્રો પ્લાનીંગ કરીને ટીબીના કેસ શોધવાની કામગીરી કરવામાં આવી હતી. ત્યારે આ સર્વે દરમિયાન તા.૧૪ થી ૩૧ ડિસેમ્બર-૨૦ દરમિયાન ગાંધીનગર જિલ્લામાંથી ૧૮૬ ટીબીના દર્દીઓ મળી આવ્યા છે. આ તમામ દર્દીઓને ટીબીની સારવાર શરુ કરી દેવામાં આવી છે.

મળતી વિગત મુજબ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વર્ષ ૨૦૨૫ સુધીમાં સમગ્ર ભારતમાંથી ટીબી નાબુદ કરવાનું આહવાન કર્યુ છે.ત્યારે કોરોના મહામારીના સમયમાં કોરોના ડરને પગલે નાગરીકો પોતાને તકલીફ હોવા છતા તપાસ કરાવતા નથી. કોરોના અને ટીબીના લક્ષણો એક સરખા જ છે. જેથી તમામ કોરોના નેગેટીવ દર્દીએ ફરજીયાત ટીબીની તપાસ કરાવવી જોઈએ, તેવી આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ નાગરીકોને રજુઆત કરે છે. પરંતુ નાગરીકોમાં કોરોનાના ભયને પગલે ટીબીના કેસ બહાર આવી શકયા ન હતા. આરોગ્ય કમિશનર જયપ્રકાશ શિવહરે દ્વારા તાજેતરમાં તા.૧૪ થી ૩૧ ડિસેમ્બર-૨૦ દરમિયાન ઘનિષ્ઠ એક્ટિવ ટીબી કેસ ફાઈન્ડીંગ કરવા અંગે લેખિત જરુરી સુચના આપવામાં આવી હતી. જેને પગલે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એમ.એચ.સોલંકી, જિલ્લા ક્ષય અધિકારી ડો.એમ.બી.ચૌહાણના માર્ગદર્શન હેઠળ માઈક્રો પ્લાનીગ કરીને જિલ્લામાં ટીબીના કેસ શોધવા માટે માઈક્રો પ્લાનીંગ કર્યુ હતું. જેમાં આ સર્વે દરમિયાન ગાંધીનગર જિલ્લામાંથી ૧૮૬ કેસ ટીબીના મળી આવ્યા છે. જેમાં કલોલમાંથી-૨૯, દહેગામમાંથી-૪૨, માણસામાંથી-૬૭ અને ગાંધીનગર ગ્રામ્ય વિસ્તારમાંથી -૪૫ અને શહેરમાંથી-૩ કેસ મળી આવ્યા છે. આ તમામ દર્દીઓને સારવાર શરુ કરવામાં આવી છે. આરોગ્ય વિભાગનો જનરલ હેલ્થ સ્ટાફના કર્મચારીઓ, જિલ્લા ક્ષય કેન્દ્રના તાલુકા અને જિલ્લાના સુપરવાઈઝરની સઘન અને માઈક્રો પ્લાનીંગને પગલે આટલા ટીબીના કેસ શોધવામાં સફળતા મળી છે.આગામી તા.૨૬ જાન્યુઆરી સુધી આ કામગીરી શરુ રહેશે તેમ જિલ્લા ક્ષય અધિકારી દ્વારા જણાવાયું છે.

# સોમવારે ગેસ પુરવઠો બંધ રહેશે... વાઈરલ સમાચારથી ચકચાર મચી

### અંતે ગેસ પુરવઠો યથાવત રહેવાના સમાચાર સાથે મુદ્દો શાંત પડયો

ગાંધીનગર, તા.૮

ભરૂચ પાસેના દહેજ ખાતે ગેસ પાઈપલાઈનમાં મેન્ટેનન્સની કામગીરીને કારણે તા. ૧૧મી જાન્યુઆરી સોમવારે સવારે પાંચ વાગ્યાથી તા. ૧૨મી જાન્યુઆરી મંગળવારે સવારે ૧૦ વાગ્યા સુધી સમગ્ર ગુજરાતમાં એલપીજી, સીએનજી અને પીએનજીનો પુરવઠો બંધ રહેશે. આ પ્રકારના સમાચાર આજે ખૂબ ઝડપથી ફેલાતા સોશ્યલ મિડીયા પર તે સંબંધિત અસંખ્ય મેસેજીસ વાઈરલ થવા પામ્યા હતા અને બપોર સુધીમાં તો આ અંગે રમજુ ટૂચકા જેવા કે 'સોમવારે શીતળા સાતમ ઉજવીશું, ઠંડુ ભોજન કરીશું' વગેરે ફરતા થવા લાગ્યા હતા. જો કે આવી કોઈ સ્થિતિ સર્જાવાની નથી તેવો ખુલાસો થતાં અંતે સમગ્ર મામલો ઠંડો પડયો હતો.

સોશ્યલ મિડીયા પર જયારે આ મેસેજ વાઈરલ થવા લાગ્યા ત્યારે અનેક નાગિરકો થોડા ચિંતામાં પણ મુકાયા હતા. ખાસ કરીને ગૃહિણીઓ આ બાબતે ચિંતાતુર જણાઈ હતી. આ ઉપરાંત સોશ્યલ મિડીયા પર જેમ કોઈ પણ દિવસ, ઘટના કે પરિસ્થિતિને અનુલક્ષીને ચબરાકિયાં ફરતા થઈ જાય છે તેમજ આ સમાચારને અનુલક્ષીને પણ વિવિધ રમુજી ટુચકાં ફરવા લાગ્યા હતા. જો કે આખરે ગુજરાત ગેસ કંપની દ્વારા અધિકૃત વિસ્તારના ઔદ્યોગિક, વાણિજયક, સીએનજી અને ઘરેલું ગ્રાહકોના ગેસ પુરવઠા પર કોઈ પણ જાતનો કાપ મુકવામાં આવશે નહી અને તમામ ગ્રાહકોને તેમની જરૂરિયાત મુજબનો ગેસ પુરવઠો મળતો રહેશે તેવો ખુલાસો કરતા મેસેજ પણ સોશ્યલ મિડીયામાં વાઈરલ થતાં ગૃહિણીઓએ રાહત અનુભવી હતી.

## આઈ.ટી.આઈ. ગાંધીનગર ખાતે જાન્યુઆરી માસમાં પ્રવેશ મેળવવા બાબત

ગાંધીનગર, તા.૮

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર ખાતે ઓગષ્ટ ૨૦૨૦માં ભરવાપાત્ર થતી બેઠકો સામે જુજ વ્યવસાયોની બેઠક ખાલી રહી છે. જેમાં પ્રવેશ મેળવવા સંદર્ભે તા. ૭ જાન્યુઆરી ૨૦૨૧ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૧ દરમિયાન ૫૦ રૂપિયા રજીસ્ટ્રેશન ફી તથા જરૂરી પ્રમાણપત્રો સહિત ફોર્મ ભરવા માટે સંસ્થાના આચાર્ય દ્વારા જણાવાયું છે. તથા પ્રવેશ લેવા ઈચ્છુક ઉમેદવારોએ વધુ માહિતી માટે ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગરનો સંપર્ક કરવા જણાવાયું છે.

# સેકટર-૨૪ હનુમાન મંદિરના ભરચક વિસ્તારમાંથી એકટીવાની ચોરી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના ભરચક વિસ્તારમાંથી સમયાંતરે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. ત્યારે શહેરના સેકટર-૨૪ આદિશ્વર જવેલર્સની પાસેથી ભર બપોરે એકટીવાની ચોરી થઈ છે. એકટીવા ચાલક દુકાનમાં જઈને તુરંત પરત ફરીને જોયું તો એકટીવા ગાયબ હતું. એકટીવા ચોરી અંગે વાહન માલિકે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૭ પ્લોટ નં.૨૫૭ આનંદનગર સોસાયટી ખાતે રહેતા મહેશ હસમતરાય ચોઈથાણી (ઉ.૬૩)બપોરના સુમારે ઘરેથી પોતાનું એકટીવા નં. જી.જે.૧૮.સી.ઈ-૯૨૫૦ લઈને સેકટર-૨૪ આદિશ્વર જવેલર્સ ખાતે ગયા હતા. એકટીવા પાર્ક કરીને તેઓ દુકાનમાં અંદર ગયા હતા. સોના-ચાંદીનો ભાવની પુછપરછ કરીને તેઓ ગણતરીની મિનીટમાં બહાર આવ્યા હતા. ત્યારે પાર્ક કરેલી જગ્યા પર તેમનુ એકટીવા ન હતું. જેથી તેઓએ આસપાસ અને સેકટર-૨૪ ખાતે એકટીવાની શોધખોળ કરી હતી. પરંતુ એકટીવા મળી ના આવતા આખરે તેમણે રૂ. ૨૦ હજારના એકટીવાની ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.



ગાંધીનગરમાં આવેલા વર્ષો જૂના સરકારી આવાસોને ઉતારવાની કામગીરી ચાલુ છે. સેકટર-૬માં સરકારી મકાનો ઉતારવાની કામગીરી દરમિયાન પાણીની પાઈપ તુટી જતાં રસ્તા પર ખુબ પાણી વહી ગયું હતું. જાણે નાનું તળાવ ભરાયું હોય તેવા દશ્યો સર્જાયા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. પટેલ ચંપાબેન અમૃતભાઈ, ઉ.વ. ૬૨, સેકટર-૫, ગાંધીનગર
- સ્વ. જશોદાબેન ભોગીલાલ ચૌહાણ, ઉ.વ. ૭૬, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. જીવીબેન વીરુભાઈ મકવાણા, ઉ.વ. ૮૫, મોટી શિહોલી, તા. ગાંધીનગર
- સ્વ. રોનકકુમાર જયંતિલાલ શ્રીમાળી, ઉ.વ. ૨૪, સેકટર-૧૩, ગાંધીનગર
- સ્વ. હીરાજી વસ્તાજી ઠાકોર, ઉ.વ. ૮૨, ડભોડા, તા. ગાંધીનગર
- સ્વ. ભરતકુમાર જયંતિલાલ ઠાકર, ઉ.વ. ૫૬, કડી, જી. મહેસાણા
- સ્વ. દરજી શારદાબેન બાબુલાલ, ઉ.વ. ૮૨, સેકટર-૨૬, ગાંધીનગર
- સ્વ. દરજી રજનીકુમાર બળદેવભાઈ, ઉ.વ. ૪૫, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. પાઠક જયંતિલાલ સોમનાથ, ઉ.વ. ૭૯, રિદ્રોલ, તા. માણસા
- સ્વ. જયાબેન કનુભાઈ ચૌહાણ, ઉ.વ. ૫૮, ગીરમથા, તા. દસક્રોઈ, અમદાવાદ

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. ચતુરજી રામસંગજી ઠાકોર, ઉ.વ. ૭૫, મહેસાણા, જી. મહેસાણા
- સ્વ. પુરૂષોત્તમ ભીમજીભાઈ રાઠોડ, ઉ.વ. ૭૬, સેકટર-૧૨, ગાંધીનગર

# ઉદગમ ટ્રસ્ટ દ્વારા મુકિતધામ સેવા વસ્તીની મહિલાઓને માસિક ધર્મ અને સ્વસ્થતા વિશે સમજણ આપવામાં આવી

ગાંધીનગર, તા.૮

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માસિક ધર્મનાં ગાળાનું વધારે સારી રીતે વ્યવસ્થાપન કરવામાં મદદરૂપ થવાના હેતુ અંતર્ગત પ્રોજેકટ વાઉવ(wow)ની શરુઆત બે વર્ષથી કરવામાં આવી છે. કોરોના કાળમાં મુક્તિધામ પાસે આવેલ સેવા વસ્તીમાં મહિલાઓ અને કન્યાઓને માસિક ધર્મ દરમ્યાન સ્વચ્છતા અંગે જાગૃતતા લાવવા અને કપડાં સહિત અન્ય વૈકલ્પિક વસ્તુઓના ઉપયોગને બદલે સંસ્થા દ્વારા આરોગ્યપ્રદ સેનેટરી પેડના ઉપયોગ પર ભાર મૂકી છેલ્લા દોઢ વર્ષમાં વિનામૂલ્યે ૨૦૦૦ વધુ સેનેટરી પેડનું વિતરણ કરી સેવાનો સંદેશ અપાઈ રહ્યો છે.

આ સંસ્થાના પ્રોજેકટ વાઉવ(wow) અંતર્ગત ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના રૂરલ પ્રોગ્રામના




ડાયરેક્ટર વૈજન્તીબેન ગુપ્તે દ્વારા સેનેટરી પેડના વિતરણની સાથે મહિલાઓ અને કન્યાઓને માસિક ધર્મ ઈન્ફેકશનની સંભાવના અને બીમારી થતી હોવાની સમજણ આપવામાં આવી હતી અને માસિકસ્ત્રાવ સાથે સંબંધિત વૈજ્ઞાનિક અને સચોટ જાણકારી આપીને આરોગ્યલક્ષી માહિતી વિગતવાર આપવામાં આવી હતી. ઉદગમ વુમન્સ વિંગના ડાયરેક્ટર પરમજીત કૌર છાબડા દ્વારા અભ્યાસ છોડી દીધેલ કન્યાઓને શિક્ષણનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.

ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ડો. મયુર જોશી દ્વારા મહિલાઓ અને કન્યાઓને શરમ રાખ્યા વગર માસિક ધર્મને લગતી મુંઝવણોને દૂર કરવા માટે સહુને પ્રેરિત કરતા તેમને તેમના આરોગ્યની જાળવણી કરવા જણાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન અંજલિબેન ચૌહાણ, શિલ્પાબેન અને વાગ્મી જોશીએ હાજરી આપીને બહેનોને અલગ અલગ વિષયોમાં વ્યક્તિગત માર્ગદર્શન આપ્યું હતું સાથોસાથ અંજલીબેન ચૌહાણ દ્વારા સહુનો આભાર માનવામાં આવ્યો હતો.

# ગાંધીનગરમાં ઓનલાઈન ભરતીમેળો યોજાશે

ગાંધીનગર, તા.૮

રોજગારવાન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર વર્ચુઅલ એટલે કે ઓનલાઈન "રાજયવ્યાપી" રોજગાર ભરતીમેળા અંગે જીલ્લા રોજગાર વિનિમય કચેરી,ગાંધીનગર દ્વારા આગામી સમયમાં આયોજન થનાર છે.

ગાંધીનગર જીલ્લાના ઔદ્યોગિક ઉત્પાદનલક્ષી એકમો, સેવાકીય પ્રવૃત્તિ ધરાવતા એકમો, લેબર તથા મેનપાવર કોન્ટ્રાક્ટર, ખાનગી પ્લેસમેન્ટ/રીક્રુટમેન્ટ એજન્સીઓએ પોતાના એકમોમાં ખાલી પડેલ જગ્યાઓ સી.એન.વી ફોર્મ દ્વારા જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર ને ઈ-મેઈલ dee-gnr@gujarat.gov.in પર અથવા લિંક https://forms.gle/w4UDbF8cohKxBfLN8 આવી વેકેન્સી નોટીફાઈડ કરાવવાની રહેશે, ઔદ્યોગિક એકમોએ મેનપાવરની જરૂરિયાત પ્રમાણે માંગણીપત્ર મોકલી આપવાના રહેશે.

તેમજ આવનાર સમયમાં ઉમેદવારોના રજીસ્ટ્રેશન https://forms.gle/h4yepqQcMjFqTwpz8 લિંક પર કરી શકશે. જેમાં રોજગારવાન્છું યુવાઓને મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરી તા.૧૨/૦૧/૨૦૨૧ અને તા.૧૩/૦૧/૨૦૨૧, ૧૬/૦૧/૨૦૨૧ થી ૨૨/૦૧/૨૦૨૧ ના રોજ ઓનલાઈન ભરતીમેળામાં સહભાગી થવા રજીસ્ટ્રેશન કરવા માટે નોકરીદાતા તેમજ ઉમેદવારો માટે ગુગલ લીંક ફોર્મનું આયોજન કરેલ છે. રાજયવ્યાપી રોજગોર ભરતીમેળાનું આયોજન કરેલ છે. ઉપરોક્ત યોજાનાર ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં જીલ્લાના તમામ નોકરીદાતાઓ અને રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા અને ઓનલાઈન રોજગાર ભરતીમેળામાં કોઈ પણ ઉમેદવારોએ રૂબરૂ મુલાકાત લેવાની રહેશે નહિ, તેવું રોજગાર અધિકારી (જનરલ)એ જણાવ્યું છે.